
## જન્મદિને વધામણી



અરૂણભાઈ બુચ
પ્રમુખ, ગાંધીનગર શહેર વસાહત મંડળ
ફોન : ૨૩૨ ૬૦૩૭૦



નારણભાઈ ચુડાસમા
મો. ૯૭૨૬૯ ૮૨૪૯૧



આદિલહુસેન આઈ સૈયદ



વરૂણ ચિરાગભાઈ વ્યાસ
ફોન : ૯૦૯૯૯૦૩૯૪૯



યશ્વી સંદીપકુમાર વ્યાસ
મો. ૯૪૦૮૭ ૬૦૭૫૯



પુનમ બી શર્મા
મો. ૯૮૨૫૧ ૨૫૬૦૨

# લેકાવાડાની ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ માટે સમારોહ



## વિજેતા વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી ફાલ્ગુનભાઈ વોરાના હસ્તે શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં

ગાંધીનગર, તા. ૩

લેકાવાડા સ્થિત ઓમકાર ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે ચાલુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૬-૧૭માં અભ્યાસની સાથે-સાથે શાળા દ્વારા આયોજિત વિવિધ પ્રવૃત્તિઓ, સહ અભ્યાસિક પ્રવૃત્તિઓ, અલગ-અલગ સ્પર્ધાઓ અને વાર્ષિક રમતોત્સવમાં સારો દેખાવ કરનારા વિદ્યાર્થીઓને ઈનામો એનાયત કરવા માટે તાજેતરમાં એક સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. કેજીથી ધોરણ-૪ના વિદ્યાર્થીઓના વાલીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તમામ વિજેતા વિદ્યાર્થીઓને શાળાના ટ્રસ્ટી ફાલ્ગુનભાઈ વોરાના હસ્તે શિલ્ડ તથા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. શાળા પરિવારે તમામ વિજેતા બાળકોને બિરદાવી તેમને અભિનંદન પાઠવ્યા હતા.

# કેએસવી દ્વારા ઈન્ટરનેટ વિષયે ઈન્ટરનૅશનલ કૉન્ફરન્સ યોજાઈ



ગાંધીનગર, તા. ૩

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર અને સ્પ્રીન્જર પબ્લિકેશનના સહયોગથી ઈન્ટરનેશનલ કોન્ફરન્સ ઓન ઈન્ટરનેટ ઓફ થીન્ક ફોર ટેકનોલોજીકલ ડેવલોપમેન્ટ ગાંધીનગરમાં ઍલડીઆરપી કૅમ્પસ ખાતે યોજવામાં આવી હતી, જેમાં વિવિધ રાજ્યોમાંથી ૩૦થી વધુ પેપર પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યા હતાં.

ટેકનોલોજીકલ વિકાસ પર આંતરરાષ્ટ્રીય પરિષદના ઉદઘાટન પ્રસંગે કડી સર્વ વિદ્યાલય ગાંધીનગરના પ્રમુખ ડો. કનુભાઈ પટેલ, યુનિવર્સિટીના ડાયરેકટર ડી.ટી. કાપડીયા, જઝીરા યુનિવર્સિટી (શારજહાં) યુ.એ.ઈના ડો. રાનાસીંઘ, જેએનયુ, ન્યુ દિલ્હીના ડો. ટી.વી. વિજયકુમાર, આઈઓટીના કો-ઓર્ડીનેટર ડો. એન.એન. જાની, એલડીઆરપી-આઈટીઆરના પ્રિન્સીપલ ડો. ગાર્ગી રાજપરા, સુનિલ જોશી ઉપસ્થિત રહ્યા હતા. જઝીરા યુનિવર્સિટીના ડો. રાના સીંઘે ઈન્ટનેટ ઓફ થીગ્સ, ઈમેઝ પ્રોસેસીંગ, નેટવર્ક એન્ડ મોબાઈલ કોમ્યુનિકેશન પર વિસ્તારથી ચર્ચા કરી હતી. જ્યારે જે.એન.યુ.ના ડો. ટી.વી. વિજયકુમારે નવી ટર્મિનોલોજીમાં ડેટા માઈનીંગ, ડેટા વેરહાઉસીંગ, યુસેસ માઈનીંગ, વેબ માઈનીંગ, સ્વોર્ન ઈન્ટેલીજન્ટ અને બિઝનેશ ઈન્ટેલીજન્ટ વગેરે વિશે વિસ્તારથી પોતાનો મત જણાવી નીતિ આયોજ દ્વારા ઈક્યુબેસન સેન્ટ નીતિ આયોજ દ્વારા જે ફંડ ફાળવવામાં આવે છે તેની માહિતી આપી હતી

આ સાથે દેશમાં આવેલ વિવિધ યુનિવર્સિટીઓમાં ચાલતાં કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોરમેશન ટેકનોલોજી વિભાગના વિવિધ આવેલા તજજ્ઞો દ્વારા ૧૦૦થી તજજ્ઞોએ આ સેમિનારમાં ભાગ લીધો હતો. ઉપસ્થિત તજજ્ઞોમાંથી ૩૦થી વધુ પેપર પ્રેજન્ટશન કરવામાં આવ્યાં હતાં. આયોજિત સેમિનારને સફળ બનાવવા માટે આઈઓટીના કોર્ડીનેટર ડો. એન.એન. જાની, કન્વીનર પ્રો. જે વી દવે, પ્રો સુનિલ જોશી, પ્રો. હીરેન પટેલ, પ્રો. ભાવેશ કાતરીયા અને અન્ય કમીટીના સભ્યોએ જહેમત ઊઠાવી હતી.

## ડાયરેક્ટ ❤ સે

આ માણસનુંય
કામ જબરું છે
સવારમાં ઊઠીને
પક્ષીઓને ચણ નાખે
અને પછી દિવસભર
લોકોનાં કામમાં
અડચણ નાખે

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
નામ શબાના
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦


**સ્ક્રીન-૩**
એ લાસ્ટ કોન્જરીંગ
(અંગ્રેજી-ફૉર ઍડલ્ટ્સ)
૩.૦૦, ૭.૩૦, ૯.૪૫
એ લાસ્ટ કોન્જરીંગ
(હિન્દી-ફૉર ઍડલ્ટ્સ)
૫.૧૫

**સ્ક્રીન-૪**
બદ્રીનાથ કી દુલ્હનિયા
૧.૦૦
ફિલૌરી
૪.૦૦
પ્રેમજી (ગુજરાતી)
૭.૦૦

**સ્ક્રીન-૫**
નામ શબાના
સવારે ૧૦.૦૦
ફિલૌરી
૧૨.૪૫, ૬.૪૫
બદ્રીનાથ કી દુલ્હનિયા
૩.૪૫, ૯.૪૫

### ગુજરાત યુનિવર્સિટી દ્વારા

# બુધવારે સ્વ. ચીનુ મોદીને શબ્દ સ્મરણાંજલી કાર્યક્રમ



ગાંધીનગર, તા. ૩

ગુજરાત યુનિવર્સિટી સ્કૂલ ઑફ લૅન્ગ્વેજીસના ગુજરાતી વિભાગ દ્વારા સ્વર્ગસ્થ કવિ ચીનુ મોદીનો શબ્દ સ્મરણાંજલિ અર્પવા માટે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

ગુજરાતી વિભાગનાં અધ્યક્ષ કીર્તિદા શ્રેણીક શાહે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે તારીખ ૫ એપ્રિલ ને બુધવારે બપોરે ૧૨ કલાકે ગુજરાતી વિભાગ, કવિ શ્રી ઉમાશંકર જોશી હૉલ, ભાષા સાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ ખાતે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.

કાર્યક્રમ અંતર્ગત કવિ ચીનુ મોદીની ગઝલોનું ગાન પ્રહર વોરા કરશે. કવિ ચીનુ મોદી વિષયે પ્રો. જીતેન મેકવાન, એકાંકીકાર ચીનુ મોદી વિષયે પ્રો. નિયતિ અંતાણી, રે મઠ, આકંઠ સાબરમતી વિષયે સુભાષ શાહ, મારા ચિનુ મોદી વિષયે અંકિત ત્રિવેદી, મિત્ર ચિનુ મોદી વિષયે પ્રો. કુમારપાળ દેસાઈ, પ્રો. સતીષ વ્યાસ, પ્રો. વિજય પંડ્યા વક્તવ્ય આપશે. મેમરી લેનના અંશોનું પઠન પ્રો. પૂર્વી ઓઝા અને પ્રો. નિસર્ગ આહિર દ્વારા તથા કવિનાં કાવ્યોનું પઠન કવિ ભાવેશ ભટ્ટ, અનિલ ચાવડા, મનીષ પાઠક અને તેજસ દવે દ્વારા કરવામાં આવશે. આ ઉપરાંત સહિયર કાવ્યોનો અંગ્રેજી અનુવાદ પ્રો. દર્શના ત્રિવેદી દ્વારા અભિવ્યક્ત કરવામાં આવશે.

# સ્મિત મ્યુઝીક દ્વારા શનિવારે સિનિયર્સ ટૅલેન્ટ સિંગિંગ શો

## ગાંધીનગરનાં ૩૬થી ૬૦ વર્ષના કલાકારો માટે આયોજિત ફિલ્મી ગીત પરફોર્મન્સ શોમાં જૂનાં ફિલ્મી ગીતો રજૂ થશે રસજ્ઞ નગરજનો આ કાર્યક્રમને નિઃશુલ્કપણે માણી શકશે

ગાંધીનગર, તા. ૩

સ્મિત મ્યુઝીક આયોજિત તથા રમઝટ કલ્ચરલ ફાઉન્ડેશન, ગાંધીનગર પ્રાયોજિત ખાસ ગાંધીનગરનાં ૩૬થી ૬૦ વર્ષના કલાકારો માટે આયોજિત ફિલ્મી ગીત પરફોર્મન્સ શો આગામી શનિવારે ડૉ. આંબેડકર હૉલ ખાતે યોજાઈ રહ્યો છે.

આ અંગેની વિગતો આપતાં સ્મિત મ્યુઝીકનાં જ્યોતિ ઠક્કર, ભરત ઠક્કરે જણાવ્યું છે કે 'સિનિયર્સ ટૅલેન્ટ સિંગિંગ શો, ગાંધીનગર-૨૦૧૭' નામક આ કાર્યક્રમ તારીખ ૮મી એપ્રિલ ને શનિવારે રાત્રે ૯.૦૦ કલાકે ડૉ. આંબેડકર હૉલ ખાતે યોજાઈ રહ્યો છે. આ કાર્યક્રમને નગરજનો નિઃશુલ્ક માણી શકશે.

આ કાર્યક્રમમાં ઑડિશન પછી સિલેક્ટ થયેલા ભાઈઓ-બહેનો જૂના યાદગાર ફિલ્મી ગીતો રજૂ કરશે. ઉલ્લેખનીય છે કે સ્મિત મ્યુઝીકનો આ અગાઉનો યુવા ટૅલેન્ટ સિંગિંગ શો સંગીતપ્રેમીઓની ખૂબ પ્રશંસા પામ્યો હતો.

આગામી કાર્યક્રમમાં રમઝટ કલ્ચરલ ફાઉન્ડેશનના વિશ્વબંધુ પટેલ, યશપાલસિંહ સિન્હા સહિત ગાંધીનગરના અગ્રણીઓ કલાકારોને પ્રોત્સાહિત કરવા ઉપસ્થિત રહેશે એમ તેમણે જણાવ્યું છે.

## રાજ્યપાલની નિશ્રામાં ઉત્કલ દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૩

રાજ્યપાલ ઓ.પી.કોહલીજીની ઉપસ્થિતિમાં ઓરિસ્સા રાજ્યનાં સ્થાપના દિન, 'ઉત્કલ દિવસ'ની ઉજવણી શનિવારે સેક્ટર-૨૨ રંગમંચ, ગાંધીનગર ખાતે કરવામાં આવી હતી. આ પ્રસંગે ગાંધીનગર ઉડિયા સમાજની વેબસાઈટનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. સાથે જ 'આરાધ્યા' સોવેનિયરનું વિમોચન પણ કરવામાં આવ્યું હતું.

# શું તમે સન્માન મેળવવા લાયક છો ખરા ?

જીવનમાં દરેક વ્યકિતને સ્વીકારની અપેક્ષા હોય. કોઈક તેની પીઠ થાપડે એવી આશા હોય. દરેકને અભિવ્યક્ત થવું છે. અભિવ્યક્તિના મૂળમાં સંવેદના છે. 'સંવેદના' પારકાને પણ પોતાના બનાવી દે છે. 'સંવેદના' શબ્દમાં પણ મોટો હિસ્સો 'વેદના'નો રહેલો છે. 'વેદના'થી સંવેદના સુધીની સફર સુહાની હોય છે.

છોકરું સાયકલ ચલાવતા ચલાવતા પડી જાય, હાથ છોલાઈ જાય અને બળતરા થાય તેને વેદના કહેવાય. પણ, જો કોઈક અજાણ્યો છોકરો સાયકલ ચલાવતા ચલાવતા રસ્તા ઉપર પડે, છોલાય અને લોહી નીકળે. આ દ્રશ્ય જોઈ બીજા છોકરાને વેદના થાય, એની મદદે દોડી જાય, એના ઘા ઉપર ફૂંક મારે, મલમ લગાવે તેને 'સંવેદના' કહેવાય.

જ્યારે જ્યારે ચિત્તમાં કોઈકની સારી વાત ચોંટી જાય ત્યારે હૃદયના ઊંડાણમાંથી 'મોજ' આવે છે પણ એવી જ રીતે જ્યારે જ્યારે કોઈની તકલીફ કે મુશ્કેલી જોઈને 'સોચ' બદલાય અને હૃદયમાંથી ચિત્કાર નીકળે એ જ 'સંવેદના'નું સુવાળુ અને રૂપકડું સ્વરૂપ છે.

સારા માર્ગદર્શક-લીડર વાતો કરવાથી બની જતા નથી. સંવેદના જેના હૃદયમાં ઠાંસી ઠાંસીને ભરાયેલી હોય એ આપો આપ સન્માન મેળવવા લાયક બની જતો હોય છે. આવા લોકો માર્ગદર્શકની ભૂમિકામાં આવી જતા હોય છે. એમને ઈચ્છા હોય કે ન હોય અન્ય માટે સંવેદનશીલ વ્યક્તિઓ પ્રેરણાસ્ત્રોત બની જતા હોય છે.

'લીડર' બની જવું આસાન નથી, પાંચ-પચીસ લોકોના સિનિયર અધિકારી બની જવાથી, 'બોસ' બની જવાથી 'લીડર' બનવાની ક્વોલિટી વિકસતી નથી. 'બોસ'ને ખુરશીનું સન્માન મળતું હોય. 'લીડર'ને હૃદયનું સન્માન મળે. 'ઓર્ગેનાઈઝેશનલ હારારકી'ના કારણે મોટાભાગે 'બોસ'ની વાતનો વિરોધ ન થતો હોય. 'લીડર'ના પ્રત્યેક શબ્દો સરઆંખો ઉપર હોય. 'બોસ' સાથે દિલનું કનેકશન 'ઝીરો' હોય છે. 'લીડર' સાથે સંવેદનાસભર જોડાણ હોય છે.

જ્યારે કોઈપણ ક્ષેત્રમાં કોઈ ટીમના નવા લીડરનું આગમન થાય ત્યારે આ ટીમ લીડર માટે શરૂઆતનો થોડો સમય સૌથી અગત્યના હોય છે. લીડરની 'સંવેદના'ને સતત પ્રતિપળ લોકો માપતા હોય છે. સંવેદનાનું માપ લેવા માટેની ફૂટપટ્ટીમાં વર્તણૂંકના આંકા હોય છે. રાતોરાત સ્વભાવ બદલીને સંવેદનાસભર વર્તન કરવું શક્ય નથી. સંવેદના તો સ્વભાવમાં હોય. ચહેરા પર ચહેરો ઓઢીને એકાદ સંવેદનાસભર વર્તનના ઢોંગને લોકો સુપેરે સમજી જતા હોય છે. સાચા અર્થમાં તો જ્ઞાન એ જ માનવીની સૌથી મોટી તાકાત અને બચાવ છે. જ્યારે ખૂબ વાંચન, મનન અને મંથનની પ્રક્રિયા થાય ત્યારે માહિતીના પૃથક્કરણ સાથે જ્ઞાનનો પિંડ બંધાય. અને જ્ઞાનનો પિંડ 'સંવેદના'ના સથવારે સાથીઓમાં વહેંચાય ત્યારે





સાથીઓ 'બોસ'માં 'લીડર'ના દર્શન કરે છે. લીડર 'સંવેદના'થી છલોછલ ચોક્કસ ભરેલો હોવો જોઈએ. જે ખોટું છે, જ્યાં પરિણામની પ્રાપ્તિ નથી, જેનો માર્ગ અવળો છે ત્યાં સ્પષ્ટતા સાથે ધ્યાન દોરાય. અન્યના સ્વાભિમાન જળવાય અને સન્માન સાચવીને સાચો માર્ગ પ્રદર્શિત થાય ત્યારે સન્માન પ્રાપ્ત થાય. જ્યારે અન્યની કોઈ ભૂલ થાય ત્યારે એની પડખે ઊભા રહી તેની સાથે હસતા હસતા, પ્રેમપૂર્વક ચાલીને ભૂલ સુધારે એ જ ખરો 'લીડર'. આમ તો જે વ્યક્તિ હંમેશ કંઈક શીખવાની ખેવના સાથે જીવન જીવતો હોય છે. પ્રત્યેક કાર્યમાંથી કંઈકને કંઈક નવું પ્રાપ્ત કરતો હોય છે. આલ્બર્ટ આઈન્સ્ટાઈન જેવા મહાન વૈજ્ઞાનિક પણ કહેતા કે, "હું જ્ઞાન સાગરના તટે છીપલાં વીણતો બાળક છું."

ઘણા સંવેદનહીન લોકોની ફીતરત એવી હોય છે કે, સામેવાળાનું મો બંધ કરાવી દે. એના વિચાર અભિવ્યક્ત જ ન થવા દે. એની વાત જ ન સાંભળે. 'હું તારો 'બોસ' એટલે હું કહું એ જ સાચું'. એવી માનસિકતા માર્ગદર્શકની ક્યારેય ન હોય. આવા લોકોને ક્યારેય સન્માન ન મળે. માર્ગદર્શક-લીડર હંમેશા અન્યની વિચારધારાને સન્માનપૂર્વક શાંતિથી સાંભળે. એમાં પોતાના અનુભવ અને માહિતીને જોડે. પછી એનું પૃથક્કરણ કરી નિર્ણય લેતો હોય છે. અન્યનું મોં બંધ કરાવવા કરતા, એ વ્યક્તિ ખુલ્લા દિલે વાત કરે અને એના વિચારો જાણવા મળે એવું સૌહાર્દપૂર્ણ વાતાવરણ નિર્માણ કરે એ માર્ગદર્શક.

લીડર અન્ય ઉપર જવાબદારી નાખવાને બદલે સ્વયં પોતાના ખભા ઉપર જવાબદારી લેતો હોય છે. મહત્વના અને અગત્યના કાર્યમાં ટીમ મેમ્બરના માથે જવાબદારી ફેંકવાની મનોવૃત્તિ 'બોસ'ની પ્રતિભાને ઝાંખી પાડી દે છે. એક મલ્ટીનેશનલ કંપનીના ઉચ્ચ અધિકારીએ વિદેશી ડેલીગેશન સાથે અગત્યના ડીલમાં ટીમ મેમ્બરના નામે દસ્તાવેજો તૈયાર કરાવ્યા. વિદેશી કંપનીના વરિષ્ઠ અધિકારીઓના મનમાં આ કંપની અને તેના ઓર્ગેનાઈઝેશનની છાપ તો ઝંખવાઈ અને સાથી ટીમ મેમ્બર્સના દિલમાં પણ 'બોસ'ના બેજવાબદારીપૂર્વકના વર્તનની નકારાત્મક અસર પડી.

લીડર અનુભવ અને વાંચનના આધારે પ્રત્યેક પરિસ્થિતિને ઉચિત ઉદાહરણોથી સુલજાવે. જ્યારે પણ વિપરિત પરિસ્થિતિ આવે ત્યારે લીડર ભૂતકાળના અનુભવોના પટારામાંથી યથાયોગ્ય પાના-પક્કડ નીકાળી મુશ્કેલીમાંથી માર્ગ આપે. બધાની સાથે જ્ઞાનપૂર્વક હસતા-ખેલતા આગળ વધે ત્યારે આસપાસના સૌ કોઈનું મસ્તક આદરથી 'લીડર' સામે ઝૂકે.

એકવાર એક સંસ્થાના અધિકારી તેમના બોસને એક કામમાં આવેલી મુશ્કેલી અને એના હલને લઈને વાત કરવા ગયા. બોસે એ અધિકારીની વાત સાંભળી ન સાંભળી અને તાડૂકી ઊઠ્યા. 'આમ કરો, તેમ કરો. આની પાસે જાવ, તેની પાસે જાવ... તમને કશી ખબર જ નથી પડતી... હું કહુ એમ જ કરો... વગેરે વગેરે.' પેલો અધિકારી બિચારો મુશ્કેલીનો સચોટ ઉપાય લઈને માત્ર બોસને જાણ કરવા આવ્યો હતો. બોસના 'બોસીઝમ' સામે મુશ્કેલીનો હલ એ અધિકારી 'બોસ' સામે બોલી જ ન શક્યો. પરિણામે જે કાર્ય આસાનીથી પૂરું થવાનું હતું તેમાં બિનજરૂરી ઘણો વધારે સમય ગયો અને 'સંવેદનહીનતા'નું તત્વ સંબંધો તોડતું રહ્યું એ નફામાં.

સંવેદનસભર વર્તન એ વ્યક્તિની સૌથી મોટી સંપત્તિ છે. રૂપિયા પૈસા તો ચોર-સ્મગલર કે વેશ્યાઓ પાસે પણ હોય છે. વ્યક્તિ જ્યારે કોઈ કામ કોઈના માટે સારી રીતે કરે છે, ત્યારે હંમેશા 'ફીલ ગુડ' સ્થિતિમાં હોય છે. એને હૃદયના ઊંડાણમાંથી આનંદ થતો હોય છે. જ્યારે જ્યારે બીજાને માટે સારું કરીએ ત્યારે આપણને હૃદયથી અને મનથી એમ લાગે કે, હું આનંદમાં છું, હું આસમાનમાં છું. સંવેદનશીલ વર્તન બોસીઝમ મીટાવીને લીડર-માર્ગદર્શક બનાવે છે. સાચા અભિપ્રાય વગર 'હા' માં 'હા' મિલાવે જાય અને પ્રસંશા થાય ત્યારે ચોક્કસ સમજી લેવું પડે કે આ ખાલી વ્યક્ત થતો રાજીપો માત્ર છે. ચિંતક બ્રોડ હર્સ્ટ કહે છે કે, 'સાચી લાયકાત વગર થતી વાહવાહી એ માત્ર ને માત્ર વરખ ચડાવીને કરાતી મશ્કરી માત્ર છે.' સ્વયં જાતને પુચતા રહેવું પડે કે, શું ખરેખર સન્માન મેળવવા લાયક છું ? લીડર બનીને માર્ગદર્શન કરી રહ્યો છું કે માત્ર 'બોસીઝમ'ના 'ઈઝમ'ને જ પોષી રહ્યો છું.

**ધબકાર**

સંવેદનાસભર વર્તન એ કલા છે પણ 'સંવેદનશીલતા' સતત જાળવી રાખવી એ મોટી સાધના છે.



## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારું માયાળુ મોસાળ'**